# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

## સપ્ટેમ્બર - ૨૦૨૧

Go....Make Disciples

## દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

## સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

- ★ **જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.**
- ★ **જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.**

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ તરફથી આપ સર્વને કુશળતા પાઠવતા આનંદ અનુભવું છું. જીવન સંદેશનો મુદ્રાલેખ : "જાઓ જઈને સર્વ દેશનાઓને શિષ્ય બનાવો." તે હેતુસભર આજે ગુજરાત અને ગુજરાતની બહાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સંદેશ લઈ જવાનું કાર્ય કરે છે અને મહદ્અંશે આ કાર્ય સફળ થયું છે. જાણો છો કયા કારણસર જીવન સંદેશ મિનિસ્ટ્રીઝને આ સફળ હાંસલ થઈ છે ? કેટલાક પ્રભુના સેવકોએ તન મન અને ધનથી જીવન સંદેશમાં સેવાઓ આપી છે અને રાત-દિવસ આંસુસહિત આ સેવાને માટે પ્રાર્થનાઓ કરી છે. આપ પણ એમાંના એક છો. આપની નિઃસ્વાર્થ સેવા, નાણાકીય મદદ અને સવિશેષ આપની પ્રાર્થનાઓએ જીવન સંદેશની સેવાઓને સફળ બનાવી છે.

પ્રાર્થના વગર સફળતા શક્ય નથી અને ઘણા બધા લોકોની પ્રાર્થના માનવી મતે જે અશક્ય લાગે તેને શક્ય બનાવે છે. આજે દુનિયાના વિવિધ દેશોમાં વિશ્વાસી લોકો સતાવણીનો ભોગ બની રહ્યા છે. આવા સતાવણી સહન કરનાર પ્રભુના બાળકો પ્રભુ પરના વિશ્વાસમાં ટકી રહ્યાં છે તેનું એક માત્ર કારણ "પ્રાર્થના" છે. પ્રે.કૃ.માં જણાવ્યા પ્રમાણે રાજા હેરોદ તરફથી મંડળીઓમાં સતાવણી શરૂ કરવામાં આવી. પ્રે.કૃ.૧૨:૨ પ્રમાણે યાકૂબને તરવારથી મારી નાખવામાં આવ્યો અને હવે પિતરને પણ મારી નાખવાની યોજના હેરોદે કરી, પરંતુ ૧૨મા અધ્યાયની ૫મી કલમ પ્રમાણે "મંડળી પિતરને સારું આગ્રહથી પ્રાર્થના કરતી હતી."

આજ કારણને લીધે બંદીખાનામાં નંખાયેલો પિતર સાંકળોથી બાંધેલો ભર નિંદ્રામાં હતો. કારણ કે મંડળીના સમગ્ર લોકોની પ્રાર્થના પ્રભુ સાંભળતા હતા તેના કારણે પ્રભુએ પિતરને બંદીખાનામાં પણ નચિંત બનાવ્યો. લોકોની પ્રાર્થનાના પરિણામરૂપે પ્રભુએ પિતરને બંદીખાનામાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો અને પોતાના દૂતને બંદીખાનામાં મોકલ્યો. ૭મી કલમ પ્રમાણે "બંદીખાનામાં પ્રકાશ થઈ રહ્યો" મિત્રો પ્રભુ ઈસુએ કહ્યું, "હું અજવાળું છું." એ અંધકારમય બંદીખાનામાં એ અજવાળુ એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની હાજરી દર્શાવવામાં આવે છે. જે ફક્ત સમગ્ર મંડળીની પ્રાર્થનાનું પરિણામ છે અને ત્યાર પછી જે ત્રણ અગત્યની સૂચનાઓ પિતરને આપવામાં આવી તે...

(૧) **તારી કમર બાંધ** - એટલે કે સેવાને માટે તૈયાર થા.
(૨) **તારા ચંપલ પહેર** - એટલે કે સેવાને માટે તારે લાંબી મજલ કાપવાની છે.
(૩) **તારું લુગડું ઓઢી રાખ** - એટલે કે તારા વિશ્વાસમાં દ્રઢ અને મજબૂત બનતો જા.
(૪) **મારી પાછળ ચાલ** - એટલે કે પિતરે કરેલા નિશ્ચય/નિર્ણયને યાદ દેવડાવ્યું.

મિત્રો, આ બધું શક્ય બન્યું કારણ કે પ્રે.કૃ.૧૨:૧૨ અનુસાર "ત્યાં ઘણા માણસો એકઠા થઈને પ્રાર્થના કરતા હતા." આજે વિશ્વના ઘણા બધા દેશોમાં વિશ્વાસી ભાઈ બહેનો તથા નવા વિશ્વાસીઓ સતાવણી અને કસોટીઓનો સામનો કરી રહ્યા છે. સુવાર્તાની સત્યતા લોકો સુધી લઈ જવી અઘરી બનતી જાય છે. આવા સમયમાં પ્રભુ આપણી પ્રાર્થનાઓના પ્રત્યુત્તર આપવા વિશ્વાસી ભાઈ-બહેનોને શક્તિ અને સામર્થ્ય પૂરું પાડે. પરિસ્થિતિ પ્રમાણે સમગ્ર મંડળી બંધ બારણે પિતરને માટે પ્રાર્થના કરતી હતી. આપણી પણ આપણા ઘરોમાં કરેલી પ્રાર્થના પ્રભુના કાર્યને જરૂર વેગવંતુ બનાવશે.

વહાલાઓ પ્રાર્થનામાં છે આ શક્તિ અને પ્રાર્થનાનું આ છે પરિણામ. આજે અમે પણ જીવન સંદેશ મિનિસ્ટ્રીઝના ચેરમેન, સોસોયટી સભ્યો, બોર્ડના સભ્યો, પૂર્ણ સમયના સ્ટાફ તથા સ્વયંસેવકો તરીકે કબૂલ કરીએ છીએ કે, જીવન સંદેશની સફળતા અને જીવન સંદેશને

મળેલા આશીર્વાદો પાછળનું જો કોઈ સબળ કારણ હોય તો તે તમ સર્વની પ્રાર્થનાઓ છે. જીવન સંદેશની સેવાને વધુ વિસ્તૃત અને ફળદાયી કરવાને આપની પ્રાર્થનાઓની તથા આપના ઉદાર હાથોના દાનની આવશ્યક્તા છે. આપની પ્રાર્થનાઓ તથા દાનોથી અમારા હાથોને મજબૂત કરશો એ જ અભ્યર્થના.

ખ્રિસ્તમાં સાથી સેવક,
**શ્રી સુમન ક્રિશ્ચિયન**
ચેરમેન-જીવન સંદેશ મિનીસ્ટ્રી

## જીવન સંદેશ મલ્ટીમિડીયા સેવા

### "Jivan Sandesh Application"




પ્રભુમાં વહાલા ભાઈઓ અને બહેનો અમને જણાવતાં આનંદ થાય છે કે જીવન સંદેશ એની રેડિયો સેવાના ૫૯ વર્ષમાં પ્રવેશ કર્યું રહ્યું છે માટે માન મહિમા ગૌરવ પ્રભુને આપીએ છીએ. જીવન સંદેશની રેડિયો સેવા ગુજરાતની મંડળી માટે આશિષનું કારણ બની છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

અત્યારના આધુનિક યુગમાં રેડિયો પણ હવે મોબાઈલમાં સમાઈ ગયો છે ત્યારે જીવન સંદેશ દ્વારા ૧૯ ઓગષ્ટ ૨૦૧૭ ના રોજથી જીવન સંદેશ એપ્લીકેશન શરૂ કરી જે આજે ચોથા વર્ષમાં પસાર થઈ રહ્યો છે આ રેડિયો સેવા દ્વારા આપણે ગુજરાત, ભારત અને વિશ્વ સુધી પહોંચી શક્યા માટે પ્રભુનો આભાર માનીએ છીએ. જીવન સંદેશ એપ્લીકેશન એ એન્ડ્રોઈડ ફોન અને એપલ ફોનમાં ઉપ્લબ્ધ છે "Jivan Sandesh Application". વર્ષ ૨૦૦૩ થી શરૂ કરીને ૨૦૧૩ સુધીના જીવન સંદેશમાં રેકોર્ડ થયેલ મંથન સત્યશોધ, અજબ-ગજબ કાર્યક્રમો મુકવામાં આવ્યાં.

ત્યાર બાદ નવા રેકોર્ડિંગ નહેમ્યાના પુસ્તકનો અભ્યાસ શ્રી મધુભાઈ, મંથન કાર્યક્રમમાં શ્રી સુમનભાઈ તેમજ ફોલો મી, વધસ્તંભની સીરીઝ શ્રી મધુભાઈ દ્વારા અને નવા કરારના દષ્ટાંતો શ્રી આર્નોન દ્વારા આ વર્ષે રેકોર્ડ કરીને જીવન સંદેશ એપ્લીકેશન પર મુકી શક્યા માટે પ્રભુના આભારી છીએ.

**જીવન સંદેશ એપ્લીકેશન સાંભળનારાઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ઓગષ્ટ ૨૦૧૭ થી અત્યાર સુધી એપ્લીકેશન દ્વારા ગીતો અને મેસેજ સાંભળનારાઓની સંખ્યા પંચોતેર દેશમાંથી એક લાખ પચ્ચીસ હજારથી વધારે છે કે જેઓ નિયમીત આપણા પ્રસારણો સાંભળી રહ્યા છે.**

જીવન સંદેશ જીવન સદેશ એપ્લીકેશન એ જીવન સંદેશની સ્વાવલંબી સેવા છે એને માટે પ્રભુના આભારી છીએ.



ભાઈ રીચાર્ડસન મેકવાન દ્વારા તૈયાર કરેલ એપ્લીકેશનમાં ભજનસંગ્રહના ઈન્સ્ટ્રુમેન્ટલ ગીતો પણ મુકવામાં આવ્યા છે જેને પણ ઘણા સાંભળી રહ્યા છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

આ ઉપરાંત આપ જીવન સંદેશ ની વેબ સાઈટ " www. jivansandesh.org" પરથી જીવન સંદેશ એપ્લીકેશન લીંકનો લાભ લઈ શકો છો. જીવન સંદેશ એપ્લીકેશન આઈ ફોનમાં પણ ડાઉનલોડ કરી શકો છો.

### "Jivan Sandesh Youtube Channel"

જીવન સંદેશ યુટુબ ચેલન પર દર શનિવારે રાતે ૮:૦૦ વાગે જુદા જુદા વિષય આધારિત ઈશ્વરના વચનોના સત્યનું શિક્ષણના પ્રસારણો રજુ કરવામાં આવી રહ્યા છે.

★ પવિત્ર આત્મા પરના શિક્ષણની સીરીઝ મધુભાઈ લઈ રહ્યા છે.
આવતા દિવસોમાં...બીજા પ્રભુના સેવકોનો ઉપયોગ કરી ખાસ વિષયોને આધારે પ્રભુના વચનોનું શિક્ષણ, તેમજ ઓડિયો વિડિયો ગીતો દ્વારા લોકોને આત્મિક ઉત્તેજન પુરું પાડવામાં પ્રયત્નશીલ રહીશું.
★ બહેનોના પ્રશ્નોને લઈને જુદા જુદા વિષય આધારિત વિડિયો. વાર્તાલાપના સ્વરૂપમાં ત્રણ બહેનો એટલે શ્રીમતી રીટાબેન ક્રિશ્ચિયન શ્રીમતી મોનીકાબેન ક્રિશ્ચિયન અને શ્રીમતી જેક્વેલીન ક્રિસ્ટી રજૂઆત કરશે.
★ ગીતશાસ્ત્રમાં ઈશ્વરની ઓળખ વિષય પર રેવ. સ્તવન ક્રિશ્ચિયન શિક્ષણ આપશે.
★ ઈશ્વરના વચનોનું સાચા અર્થઘટન આધારિત વિડિયો જેમાં આર્નોન ક્રિશ્ચિયન દોરવણી આપશે
★ વિડીયો ગીતોનું પણ આયોજન થઈ રહ્યું છે.

જીવન સંદેશની આ અનન્ય સેવા માટે પ્રાર્થનામાં રહેશો.

## જીવન સંદેશ ફોલોઅપની સેવા

પ્રભુનો આભાર માનીએ છીએ આટલા આધુનિક સમયમાં પણ હજુ પત્રવ્યવહાર દ્વારા પત્રમિત્રો સાથે નો સંપર્ક યથાવત છે. એપ્રિલ અને મે મહિનો કોરોનાનો દરેકને લાગુ પડ્યો જે અરસામાં પત્રો નહિવત હતા. પરંતુ જુન થી ઓગષ્ટ સુધીમાં કુલ ૩૬ પત્રો મળ્યા માટે પ્રભુનો આભાર માનીએ છીએ. જીવન સંદેશના આ પત્રમિત્રોને પત્રદ્વારા શિક્ષણ તેમજ સાહિત્ય મોકલવામાં આવે છે. નવા અને જુના પત્રમિત્રો સાથેનો સંપર્ક પણ કાયમ રહે માટે તેમને પત્ર લખીને ઉત્તેજન આપવામાં આવે છે. જૂન થી ઓગષ્ટ મહિના સુધી ૧૨૨ પત્રમિત્રોને પત્ર લખવામાં આવ્યા. આ સાથે ઘણા પત્રમિત્રો પત્ર ન લખી શકાય તો ફોન દ્વારા વાત વ્યવહાર કરી રહ્યા છે. ઘણાને જીવનસંદેશ તરીકે સામેથી ફોન કરીને ઉત્તેજન આપવામાં આવી રહ્યું. ફોલોઅપના કાર્યમાં પ્રભુ રેનીસનભાઈની માર્ગદર્શન દોરવણી આપી રહ્યા છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

આ ઉપરાંત દર બુધવારે ઝુમ એપ્લીકેશન પરથી જીવન પુસ્તક જે યોહાનની સુવાર્તા પર આધારિત છે તેનું શિક્ષણ શ્રી આર્નોન ક્રિશ્ચિયન અને શ્રી રેનીસન ક્રિશ્ચિયન આપી રહ્યા છે. નિયમીત પત્રવ્યવહારને પછી પત્રમિત્રો ને નીચે જણાવેલ શિક્ષણમાં દોરવણી આપીએ છીએ. ઘણા પત્રમિત્રોએ આ શિક્ષણ પુરુ કર્યું અને આજે એમના ઘરોમાં ઈશ્વરીય સાહિત્ય અને એમના જીવનોમાં ખ્રિસ્તી વિશ્વાસ જોવા મળે છે.

**પત્રમિત્રોને નીચેના વિષયો સંબંધી પત્ર દ્વારા ગુજરાતી અને હિન્દી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે.**

**પાપની હકીકત, પાપ, પાપનો દંડ, પાપનો દંડ ભરપાઈ કરવો, પ્રભુ ઈસુએ પાપનો દંડ ભરપાઈ કર્યો, મુક્તિની મફત ભેટ, નિર્ણય**

**આ પત્રોની સાથે ઉધ્ધારક ઈસુ, માનવ હૃદય, સુવાર્તાઓ, કારણ, સાત ખતરનાક પાપમાંથી છુટકારો, પરમેશ્વરની શોધ વગેરે પુસ્તકો પણ વાંચન માટે મોકલી આપવામાં આવે છે.**

**અભ્યાસક્રમો : નિર્ણય ૧ અને ૨, યોહાનની સુવાર્તાનો અભ્યાસ જીવન ૪૨ પાઠ, ખાતરી ૧થી ૫ નવજીવનની વાટે ૧૪ પાઠ, વિચાર ૧ થી ૯**

**પત્ર વ્યવહાર દ્વારા સાહિત્ય દ્વારા અભ્યાસક્રમો આપવામાં આવે છે. પત્રમિત્રને તેના વિશ્વાસમાં દૃઢ કરે છે તથા ઈશ્વરના વચનના પ્રકાશમાં જડ ઘાલેલા અને સ્થપાયેલા બનાવે છે.**

## શિષ્યપણાની સેવા

"તેમનામાં તમારા મૂળ ઊંડા નાખો, તેમના પર તમારા જીવનનું બાંધકામ કરો, અને તેમને શીખવવામાં આવ્યું છે તે પ્રમાણે તમારો વિશ્વાસમાં દૃઢ થાઓ, અને આભારસ્તુતિ કરતા રહો." (કલોસી ૨:૭). જીવનસંદેશ શિષ્યપણાની સેવા તેના ૩૮મા વર્ષમાં પ્રવેશ કરે છે. અત્યાર સુધીમાં સેંકડો વ્યક્તિઓને પદ્ધતિસર પ્રભુ ઈસુના શિષ્ય બનવા તથા બીજાઓના શિષ્ય બનાવવા સંબંધી તાલિમ અને શિક્ષણ આપવામાં આવ્યું. આ શિષ્યપણાનું શિક્ષણમાં ભાગ લેનાર વ્યક્તિને બે રીતે લાભદાયી છે. વ્યક્તિગત વૃદ્ધિ અને ખ્રિસ્તમાં તમારા જીવનની વહેંચણી કરવી. આ શિક્ષણથી અનેક વ્યક્તિઓ આધ્યાત્મિક આગેવાની આપી રહ્યાં છે. આ સર્વ માટે પ્રભુને માન-મહિમા આપીએ છીએ.

***શિષ્યપણાના તાલિમ સેમિનારમાં નીચેના વિષયો સંબંધી સઘન તાલિમ આપવામાં આવે છે.***

૧. શિષ્યપણાની જરૂર શા માટે ?
૨. શિષ્યની લાક્ષણિકતાઓ.
૩. ખ્રિસ્તનું પ્રભુત્વ.
૪. અસરકારક સાક્ષી કેવી રીતે આપવી.
૫. વ્યક્તિગત સંશોધનાત્મક બાઈબલ અભ્યાસ કેવી રીતે કરવો.



૬. નાના જૂથમાં તાલિમ અને સંચાલન કેવી રીતે ?
૭. વ્યક્તિગત અસરકારક શાંત સમય.
૮. કલમ પૃથ્થકરણ, શા માટે અને કેવી રીતે, મનન અને મુખપાઠ.
૯.આધ્યાત્મિક પરિપક્વતા માટેના મુખ્ય પાસાં- ચક્રનું ઉદાહરણ.
૧૦. ઈશ્વરના વચનનું મહત્વ અને લાગુકરણ - હાથનું ઉદાહરણ.
૧૧.સુવાર્તા પ્રચાર માટે સરળ રીત - પુલનું ઉદાહરણ.
૧૨.શિષ્યના જીવનમાં ઈશ્વરની ઈચ્છા શોધવી.
૧૩. શિષ્ય ના જીવનમાં સમય,નાણાંનું મહત્વ અને ઉપયોગ.

કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં પણ અલાયન્સ ચર્ચ સિયોનનગર દ્વારા ૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ વોટ્સ એપ દ્વારા કરવામાં આવ્યો જેમાં રેનીસનભાઈએ નિયમીત આગેવાની આપી માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

### ૨:૭ શ્રેણીના પુસ્તકો

૨:૭ શ્રેણીના પુસ્તકનો અભ્યાસ વ્યક્તિગત રીતે પ્રભુ ઈસુના શિષ્ય બનવા તથા બીજાઓને શિષ્ય બનાવવા બહુ જ અસરકારક સાબિત થાય છે. ૨:૭ શ્રેણીમાં ત્રણ પુસ્તકનો અભ્યાસ કરવામાં આવે છે. પુસ્તક (૧) ઈશ્વરના કુટુંબમાં સામર્થ્ય સાથે વૃદ્ધિ પામવું. (૨) ઈશ્વરના કુટુંબમાં તમારા મૂળને સુદૃઢ કરવું. (૩) ઈશ્વરના કુટુંબમાં ફળ ઉપજાવવા. જેઓએ આ અભ્યાસમાં ભાગ લીધો છે તેમને માટે આશીર્વાદરૂપ નીવડ્યો છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષામાં ૨:૭ શ્રેણીના પુસ્તકો જીવનસંદેશ મિનિસ્ટ્રી પાસે ઉપલબ્ધ છે.

### નવી અંગ્રેજી ૨:૭ શ્રેણીના પુસ્તકો




વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં નવી શિષ્યપણાના શિક્ષણ સંબંધીના અંગ્રેજી ૨:૭ શ્રેણીના પુસ્તકોની છપાવણી કરાવી શક્યા માટે પ્રભુના આભારી છીએ. નવીગેટર સંસ્થા દ્વારા આ નવી ૨:૭ શ્રેણીનું પુસ્તક બહાર પાડવામાં આવ્યું ભારતમાં ફક્ત જીવન સંદેશ પાસેજ આ પુસ્તકો પ્રાપ્ય છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ. અંગ્રેજી ભાષા માં જે વ્યક્તિઓ અથવા નાનું ગ્રુપ આ પુસ્તકનો અભ્યાસ કરવા માંગે છે તેઓને આ પુસ્તકનો સેટ જીવન સંદેશ ઓફિસમાંથી પ્રાપ્ય થશે.

## યુગલ સમૃદ્ધિ સેવા

ઈશ્વરપિતાએ જીવનસંદેશને ઈશ્વરના વચનો મારફતે યુગલોને બાંધવાની સેવાને ૨૯ વર્ષથી આશીર્વાદિત કરી છે. તેથી પ્રભુની સ્તુતિ થાઓ. આ સેમિનારમાં શિક્ષણ ઉપરાંત વ્યક્તિગત રીતે પણ અનેક યુગલોને માર્ગદર્શન અને ઉત્તેજન આપવા માટે પ્રભુએ કૃપા આપી તેથી ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ.

**શીખવવામાં આવતા વિષયો :**

- ✦ લગ્ન જીવન /કુટુંબ એટલે શું?
- ✦ લગ્નનો હેતુ
- ✦ લગ્ન જીવનની સફળતા
- ✦ વાણી વ્યવહાર શા માટે?
- ✦ વાણી વ્યવહાર કેવી રીતે?
- ✦ વાણી વ્યવહાર કરાર
- ✦ લગ્નજીવનમાં પતિની જવાબદારી
- ✦ લગ્ન જીવનમાં પત્નીની જવાબદારી
- ✦ માતા પિતાની બાળકો પ્રત્યેની જવાબદારી
- ✦ લગ્ન જીવનમાં સંઘર્ષના કારણો



- ✦ સંઘર્ષ નિવારણ ✦ પ્રેમ ✦ માફી
- ✦ કૌટુમ્બિક જીવનમાં સંબંધ વિકાસની ચાવીઓ
- ✦ લગ્ન જીવનમાં નિકટતા અને ઐક્યતા
- ✦ લગ્ન સંબંધોમાં મિત્રતા
- ✦ ભિન્નતા પ્રભુની ભેટ
- ✦ લગ્ન જીવનમાં ટાઈમ મેનેજમેન્ટ અને નાણાંનો વહિવટ
- ✦ લગ્ન જીવનમાં જાતિયતા ઈશ્વરનો આશિર્વાદ
- ✦ ફાયર પ્રુફ અને પામેલા પ્રેયર બે મુવી

## યુગલ સમૃદ્ધિ સેમિનાર

તા. ૨૯-૩૦ ઓગષ્ટ, ૨૦૨૧ દરમ્યાન સીએનઆઈ ચર્ચ ભરૂચની મહિલા મંડળ દ્વારા યુગલ સમૃધ્ધિ સેમિનારનું આયોજન તેમની ભરૂચની સીએનઆઈ મંડળી માટે કરવામાં આવ્યું. આ સેમિનારમાં શ્રીમધુભાઈ ક્રિશ્ચિયન અને તેમના પત્ની શ્રીમતી રીટાબેન ક્રિશ્ચિયન તેમજ ભાઈ ઈનોક ક્રિશ્ચિયનને આમંત્રણ આપ્યું. રવિવાર ભક્તિસભા માં શ્રી મધુભાઈએ વચનની સેવા આપી બાદ લગભગ ૩૦ યુગલો આ બે દિવસ સંપૂર્ણ ભાગીદાર બની આ વ્યવહારીક શિક્ષણ પ્રાપ્ત કર્યું. આ સાથે ૧૫ જેટલા જુવાન ભાઈ બહેનો ને આત્મિક જીવનમાં વૃધ્ધિ અને ઈશ્વરની ઈચ્છા કેવી રીતે શોધવી તે બે સેશનમાં ઈનોકે ને શ્રીમતી રીટાબેને શિક્ષણની સેવા આપી. આ સમગ્ર સેમિનારને પ્રભુએ ખુબજ આશિર્વાદિત કર્યો માટે સઘળું માન મહિમા ઈશ્વરને હો.



















## આપની સેવામાં

જીવન સંદેશ સેવાક્ષેત્રને ગુજરાતી જુદી જુદી મંડળીના પાળક સાહેબો, તથા આગેવાનો દ્વારા તથા સંસ્થાઓના આગેવાનો દ્વારા જે સાથ, સહકાર અને ઉત્તેજન પ્રાપ્ત થયા છે તે માટે અમે પ્રભુનો તથા તમામ આગેવાનો અને પાળક સાહેબોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. જીવન સંદેશ સેવા કાર્યનો મુખ્ય હેતુ જીવનોને પ્રભુના રાજ્ય માટે બાંધવાનો તથા સુસજ્જ કરવાનો છે. જીવન સંદેશ તરીકે અમે આપની મંડળી અથવા સંસ્થાઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે સેવામાં સંકળાયેલા ભાઈ બહેનો તથા લેમેન ભાઈઓ-બહેનોના આધ્યાત્મિક વિકાસ માટે તથા તેમને મંડળીની સેવામાં વધુ પરિપકવતા તરફ વૃદ્ધિ પામવા માટે અને નીચેના ક્ષેત્રમાં આપની સેવા કરવા તૈયાર છીએ.

૧. યુગલોના જીવનોને સુદૃઢ કરવા તથા તેમના સંબંધોને વિકસાવવા માટે વ્યવહારૂ શિક્ષણ “યુગલ સમૃદ્ધિ શિક્ષણ સેમીનાર”.
૨. આધ્યાત્મિક નેતાગીરી માટે સુસજ્જ બનવા “૨:૭ શ્રેણી”નો શિષ્યપણાનો તાલીમ અભ્યાસ.
૩. નવા વિશ્વાસીઓ માટે પદ્ધતિ અને પત્ર વ્યવહાર દ્વારા કરવાનો અભ્યાસક્રમ.
૪. બહેનોના જીવનોને સ્પર્શતા જુદા જુદા ક્ષેત્રોને ધ્યાનમાં રાખી તેઓને શિક્ષણ આપવા માટેના સેમીનાર અથવા રીટ્રીટ.

ઉપરના તમામ ક્ષેત્રોમાં રીટ્રીટ કે સેમીનારના આયોજન માટે જીવન સંદેશ તરીકે અમે પૂરેપૂરો સાથ અને સહકાર આપવા તૈયાર છીએ. વધુ માહિતી માટે જીવન સંદેશ ઓફિસનો સંપર્ક કરવો.

**ગુજરાત અને ભારતમાંથી ઓનલાઈન દાન આપવા અંગેની માહિતી**

- ★ *બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.*
- ★ *બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.*
- ★ *બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ*
- ★ A/c No. : 10246210913 • Bank IFS Code : SBIN0001038